ખેલ મહાકુંભને હકારાત્મક પ્રતિસાદ : બાર લાખથી વધુ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન



ગાંધીનગર સમાચાર

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




જો ભાઈ હવે ગાંધીનગર સ્માર્ટ સિટી ડિક્લેર થઈ ગયું છે... એટલે જુની કોલર પકડીને ફાઈટ કરવાની રીત આપણે બદલવી જ પડે... શું સમજ્યો !!!

# રખિયાલ પાસે ફેફરીયા ગામે પતિએ પત્નિનું ઢીમ ઢાળી દીધુ

## માથે પાવડાના ફટકા ઝીંકીને પત્નિને મોતને ઘાટ ઉતારી દેનાર પતિની ધરપકડ

ગાંધીનગર, તા. ૨

દહેગામના રખિયાલ નજીક આવેલા ફેફરીયા ગામના ભરત ઉદાજી ઠાકોરે તેની પત્નિ મધુબેને દારૂ પીવાની આદત અંગે ઠપકો આપતા આજે સવારે પતિ ભરત ઉશ્કેરાઈ ગયો હતો અને બાજુમાં પડેલો પાવડો લઈ આવીને પત્નિના માથે ઝીંકવા લાગ્યો હતો. પાવડાના ઘા ઝીંકીને પત્નિને પતિએ મોતને ઘાટ ઉતારી દીધી હતી. રખિયાલ પોપીસે હત્યાનો ગુનો દાખલ કરીને પીએસઆઈ એચ.જી. દેસાઈએ હત્યારા પતિની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# ઝુંડાલ સર્કલ પાસે યુવાન પર હિંસક હૂમલો : ૧.૩૦ લાખની લૂંટ

## બે સગીર સહિત આઠ આરોપીઓની ધરપકડ : થર્ટી ફર્સ્ટે ચાર સવારી આડુ-અવળુ બાઈક ચલાવતા યુવાનોને ઠપકો આપતા હૂમલો થયો હતો

ગાંધીનગર, તા. ૨

થર્ટી ફર્સ્ટ નાઈટે એક બાઈક પર ચાર સવારી બેસીને યુવાનો રસ્તા વચ્ચે આડુ અવળુ બાઈક દોડાવી રહ્યા હતા ત્યારે ઝુંડાલનો જ એક કારચાલક યુવાને ઠપકો આપ્યો હતો. ત્યારબાદ મિત્રોને બોલાવીને આ શખ્સોએ બેઝબોલ વડે યુવાનને માર મારી તેની પાસેથી રોકડ રૂ. ૪૦ હજાર અને સોનાની વીંટી, ચેઈન અને મોબાઈલ મળી રૂ. ૧.૩૦ લાખની મત્તા લુંટી લીધી હતી. આ લુંટ કરીને ફરાર થઈ ગયેલા શખ્સો સામે યુવાને ફરીયાદ આપતા અડાલજ પોલીસે ગુનો નોંધી આજે ઝુંડાલ અને ચાંદખેડા વિસ્તારના બે સગીર સહિત આઠ શખ્સોની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ઝુંડાલ ખાતે રહેતા અને ટ્રાવેલ્સના વ્યવસાય સાથે સંકળાયેલા મૌલીકકુમાર મુકેશભાઈ પટેલ ૩૧ ડિસેમ્બરે રાત્રે ગાડી લઈને ઝુંડાલ સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તા પર ચાર સવારી બેસીને બાઈક આડુ અવળુ ચલાવી રહેલા યુવાનોને મૌલીકકુમાર પટેલે ઠપકો આપ્યો હતો. જેની અદાવત રાખી થોડી વારમાં મિત્રોને લઈને બેઝબોલના ધોકા અને લાકડીઓ લઈને પરત આવી પહોંચ્યા હતા અને હૂમલો કરીને મારઝુડ કરીને મૌલીકકુમાર પાસેથી રૂ. ૪૦ હજાર રોકડા, સોનાની એક ચેઈન, વીંટી અને કેમેરા મળીને કુલ રૂ. ૧.૩૦ લાખની મત્તાની લુંટ ચલાવી આ શખ્સે ફરાર થઈ ગયા હતા. મૌલીકકુમારે ઝુંડાલના નવીન ઠાકોર સહિત દશેક શખ્સો સામે ગુનો નોંધાવતા અડાલજ પોલીસે તપાસ શરૂ કરીને આજે બે સગીર સહીત આઠ આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.



પોથી યાત્રા : સેક્ટર-૧ ૩/સી ખાતે શ્રીમદ્ ભાગવત પારાયણ પ્રસંગે પોથીયાત્રા યોજાઈ હતી. મુખ્ય યજમાનના નિવાસસ્થાનેથી આરંભાયેલ પોથીયાત્રામાં ભક્તિસભર વાતાવરણમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# રાજધાની એક્સપ્રેસની અડફેટે આવેલા યુવાનના ટુકડે ટુકડા..!

## આશરે ૨૫ વર્ષિય યુવાને ખોડીયાર રેલવે સ્ટેશન નજીક ટ્રેન નીચે પડતુ મુક્યુ : બંને હાથ-પગ ધડથી અલગ થઈ ગયુ : યુવાન હજુ બિનવારસી

ગાંધીનગર, તા. ૨

ખોરજ રેલવે સ્ટેશનથી ડીકેબીન રેલવે સ્ટેશન વચ્ચે રેલવે વચ્ચે રેલવે ટ્રેકની બાજુમાંથી ગઈ મોડી સાંજે એક યુવાનના ટુકડે ટુકડા થઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. રાજધાની એક્ષપ્રેક્ષ નીચે પડતુ મુકી યુવાને આપઘાત કર્યો હોવાની શંકા છે. હાથ-પગ ધડથી અલગ થઈ ગયેલી હાલતમાં અને મોં છુંદાઈને વિકૃત થઈ ગયેલી હાલતમાં મૃતદેહ પડ્યો હતો. આશરે ૨૫ વર્ષિય યુવાનનો બિનવારસી મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને અડાલજ પોલીસે ઓળખ માટે તજવીજ શરૂ કરી છે.

ખોરજ ખોડીયાર રેલવે સ્ટેશનમાં નોકરી કરતા કર્મચારી નિરવજીત મંડલે અડાલજ પોલીસને જાણ કરી હતી કે સાબરમતી ડીકેબીન અને ખોરજ ખોડીયાર રેલવે સ્ટેશન વચ્ચે ટ્રેક પાસે એક અજાણ્યા યુવાનનો કપાઈ ગયેલી હાલતમાં મૃતદેહ પડ્યો છે. ગઈ મોડી સાંજે અડાલજ પોલીસને મળેલી ટેલીફોન વર્ધી બાદ જમાદાર મુળજીભાઈ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ કરતાં એક્ષપ્રેસ ટ્રેનની અડફેટે આવી ગયેલા આશરે ૨૫ વર્ષિય બિનવારસી યુવાનના બંને હાથ ખભ્ભેથી અને બંને પગ સાંથળથી કપાઈ ગયેલા હતા.

મોં એ રીતે છુંદાઈ ગયું હતું કે સીધી ખોપડી દેખાતી હતી. શરીરે મજબુત બાંધાના યુવાને વાદળી જીન્સ પેન્ટ તથા કમરે કાપડનો પટ્ટો પહેરેલો હતો. મૃતદેહ પીએમ કરાવી અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તેની તથા તેના વાલી વારસની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. મૃતકના જમણા હાથે લાલ રંગની રક્ષા પોટલી બાંધેલી છે. તેને આધારે અને કપડાના વર્ણને આધારે પોલીસ યુવાનની ઓળખ માટે ફરી રહી છે.

# ખેલ મહાકુંભને હકારાત્મક પ્રતિસાદ : બાર લાખથી વધુ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન

## હજી રજીસ્ટ્રેશન પ્રક્રિયા તા.૧૦મી જાન્યુઆરી સુધી ચાલુ હોવાથી આંકડો વધશે : ગાંધીનગર જિલ્લામાંથી ૪૦ હજાર અને મહાનગર પાલિકામાંથી ૫ હજાર ખેલાડીઓની નોંધણી : ખેડા અને આણંદ જિલ્લામાંથી એક લાખથી વધુ ખેલાડીઓની નોંધણી

ગાંધીનગર, તા.૨

ગુજરાત સરકાર દ્વારા ફરી એકવાર ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયના સ્પોર્ટ્સ કલ્ચર વિકાસ થાય તે હેતુથી આયોજિત આ મહાકુંભમાં ભાગ લેવા માટે અત્યાર સુધીમાં ઓનલાઈન સવા બાર લાખ ખેલાડીઓ અને ૬૮ હજાર જેટલી ટીમોનું રજીસ્ટ્રેશન થઈ જવા પામ્યું છે. ગાંધીનગર જિલ્લામાંથી ચાલીસ હજાર જેટલા અને મહાનગર પાલિકામાંથી કુલ પાંચ હજાર જેટલા ખેલાડીઓ આ મહાકુંભમાં પોતાનું રમત કૌશલ્ય દેખાડવા આતુર છે. હજુ રજીસ્ટ્રેશન તા.૧૦મી જાન્યુઆરી સુધી ખુલ્લું છે. તેવી આ આંકણો ઘણો વધવા પામશે તેવી આશા સેવાઈ રહી છે.

રાજ્ય સરકાર દ્વારા આ વર્ષે ખેલ મહાકુંભ માટે જોરશોરથી પ્રચાર કરાઈ રહ્યો છે. રાજયમાં સ્પોર્ટ્સ કલ્ચરમાંથી તેવું મહેણું ભાંગવા અને વધુને વધુ નાગરિકો વિવિધ રમતો સાથે જોડાઈ પોતાના કૌશલ્યનું નિદર્શન કરી શકે તથા જીવનમાં રમતને સ્થળ આપી. સ્વાસ્થ્યપ્રદ જીવન જીવી શખે તેવા હેતુથી આ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. ખેલમહાકુંભ માટે રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવે છે. જેમાં શાળા-કોલેજો ઉપરાંત ઓપન કેટેગરી દ્વારા રાજયનો કોઈ પણ આવકારદાયક બાબત છે. ભાગ લેનાર ખેલાડીને સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહોનો, અગવડો તથા વિજેતાઓને પ્રમાણપત્ર મેડલ્સ દ્વારા સન્માનિત કરવામાં આવે છે.

ખેલ મહાકુંભ માટે તા.૪ થી ડિસે.થી ઓનલાઈન રજીસ્ટ્રેશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે તા.૧૦ મી જાન્યુઆરી સુધી ચાલશે. તા.૨જી જાન્યુ. સાંજના ૬ વાગ્યા સુધીમાં ખેલ મહાકુંભ માટે રાજયમાંથી કુલ ૧૨,૨૪,૨૬૮ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન થઈ જવા પામ્યું છે. જેમાં ૫.૦૫ લાખ પુરુષ ખેલાડીઓ અને ૩.૮૦ લાખ મહિલા ખેલાડીઓનું રજીસ્ટ્રેશન થઈ જવા પામ્યું છે. જયારે પુરુષ ટીમોની સંખ્યા ૪૫ હજારથી વધુ અને મહિલા ટીમોની સંખ્યા ૨૨ હજારથી વધુ નોંધાઈ ચુકી છે. જિલ્લાઓમાં સૌથી વધુ ખેડામાંથી ૧,૦૭,૬૫૬ અને આણંદમાંથી ૧,૦૦, ૫૦૬ ખેલાડીઓએ નોંધણી કરાવી છે. ગાંધીનગર જિલ્લામાંથી ૩૯,૫૯૬ અને ગાંધીનગર મહાનગર પાલિકામાંથી ૪૯૨૧ ખેલાડીઓએ નોંધણી કરાવી છે. સૌથી વધુ ખેલાડીઓ અન્ડર ૧૧-૧૫ જુથનાં નોંધાયા છે. જેમાં છોકરાઓની સંખ્યા ૧,૦૨,૩૯૨ અને છોકરીઓની સંખ્યા ૮૮૦૪૨ છે. જયારે એબોવ - ૬૦ વયજુથમાં ૨૭૩ પુરુષ અને ૧૫૪ મહિલાઓ ખેલાડીઓ પણ નોંધાઈ ચુક્યા છે.

અત્યાર સુધીમાં રજીસ્ટર્ડ થયેલા ખેલાડીઓમાં સૌથી વધુ એથ્લેટીક્સ માટે કુલ ૭.૫૩ લાખ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન થવા પામ્યું છે. આ ઉપરાંત ચેસ માટે ૩૩, ૧૮૫, યોગાસન માટે ૨૫૦૯૦, તિરંદાજી માટે ૫૧૨૦, બેડમિન્ટન માટે ૨૦૨૨૬, સ્વીમીંગ ૭૬૧૬, જુડો માટે ૬૦૭૧, ટેબલ ટેનિસ માટે ૬૫૫૬, સ્કેટીંગ માટે ૪૯૩૮, કુસ્તી માટે ૮૩૫૯ અને લોન ટેનિસ માટે ૩૧૫૩ ખેલાડીઓ નોંધણી કરાવી ચુક્યા છે. હજુ આ નોંધણી પ્રક્રિયા તા.૧૦મી જાન્યુઆરી સુધી ચાલનાર છે. જેથી આ આંકડામાં ઘણો વધારો થવાની શક્યતા છે. આ આંકડા જોતા જણાઈ રહ્યું છે કે ખેલ મહાકુંભ દ્વારા રાજયમાં રમતગમત પ્રત્યેના અભિગમમાં ઘણો હકારાત્મક પ્રતિભાવ જોવા મળી રહ્યો છે.

### ખેલ મહાકુંભ ૨૦૧૬ મોબાઈલ એપ

ખેલ મહાકુંભ માટે રાજય સરકારે મોબાઈલ એપ્લિકેશન પણ લોન્ચ કરી છે. આ એપ્લિકેશન દ્વારા ખેલાડીઓને રમત, સ્થળ વગેરેની માહિતી મળી શકશે. તથા તેના પરિણામોની પણ વિગત જાણી શકાશે. આ ઉપરાંત ખેલાડીઓની સગવડતા માટે ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૮૦૦-૨૭૪-૪૧૫૧ નંબરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં ચેરમેનપદે છઠ્ઠી વખત દિલીપ સંઘાણી

## રાજકીય હુંસાતુંસી વચ્ચે આ ચૂંટણીમાં બિનહરીફ વિજેતા : બોર્ડ ઓફ ડીરેક્ટર્સની યાદી જાહેર

ગાંધીનગર, તા.૨

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ની ચુંટણી અંતર્ગત ઉમેદવારોના ફોર્મ ભરવાની આજે છેલ્લી તારીખ હતી. સમય અવધી પૂર્ણ થઈ ત્યાં સુધીમાં અન્ય ઉમેદવારો ફોર્મ ન ભરાતા દિલીપભાઈ સંઘાણી બિનહરીફ વિજેતા જાહેર થયા છે. રાજકીય હુંસાતુંસી વચ્ચે બિનહરીફ ચુંટાઈ આવેલા દિલીપભાઈ સંઘાણી સતત છઠ્ઠી વખત અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન બન્યા છે.

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સની યાદી પણ જાહેર કરી દેવામાં આવી છે. જેમાં ચેરમેન પદે દિલીપભાઈ નનુભાઈ સંઘાણી અને વાઈસ ચેરમેન પદે અરૂણભાઈ મનસુખભાઈ પટેલને નિયુક્ત કરવામાં આવ્યા છે.તે ઉપરાંત ડીરેકટર તરીકે દાદભાઈ અમરુભાઈ વરુ, જયંતિભાઈ પ્રેમજીભાઈ વઘાસીયા, લાલજીભાઈ શંભુભાઈ નાકરાણી, બાબુભાઈ ભાણાભાઈ સખવાળા, મનસુખભાઈ છગનભાઈ સુદાણી, ઝીણાભાઈ છનાભાઈ બારૈયા, જીવાજીભાઈ ખોડાભાઈ રાઠોડ, વીનુભાઈ રવજીભાઈ રૈયાણી, હીરજીભાઈ પરશોત્તમભાઈ નવાપરા, વિઠ્ઠલભાઈ વશરામભાઈ ગઢીયા, મગનભાઈ રામજીભાઈ ભાદાણી, કાંતિભાઈ વલ્લભભાઈ પટેલીયા, માવજીભાઈ નાનજીભાઈ ગોલ, મંજુલાબેન નલીનભાઈ જોષી, મંજુબેન ઠાકરશીભાઈ શીયાણી, સ્મીતાબેન જતુભાઈ મસરાણી, જયોત્સનાબેન વલકુભાઈ ભગત, મનિષભાઈ દિલીપભાઈ સંઘાણી અને જયભાઈ જીતેન્દ્રભાઈ મસરાણીનો સમાવેશ કરવામાં આવ્યો છે.



# સમસ્ત ખડાયતા સમાજ દ્વારા શૈક્ષણિક ઈનામોત્સવ-૨૦૧૫નું આયોજન

ગાંધીનગર, તા.૨

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત ગાંધીનગર દ્વારા આગામી તા.૨૪મી જાન્યુઆરીને રવિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે સેકટર-૧૨, વિશ્વકર્માહોલ ખાતે શૈક્ષણિક ઈનામોત્સવ-૨૦૧૫નો કાર્યક્રમ યોજાશે. જેમાં સમાજના તેજસ્વી તારલાઓ, ૭૦ વર્ષના વડીલો તથા વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર જ્ઞાતિજનોને સન્માનવામાં આવશે સાંસ્કૃતિક કાર્યક્રમ સહિત ઊંધિયાની ઉજવણીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ ઈનામોત્સવમાં ભાગ લેવા ઈચ્છતા તેજસ્વી તારલાઓની માર્કશીટ, ૭૦ વર્ષના વડીલોની વિગતો તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા બાળકોએ પણ તા.૯મી જાન્યુઆરી સુધીમાં સાંસ્કૃતિક મંત્રી મનોજભાઈ સરૈયાને પોતાના લગતી તમામ વિગતો પહોંચાડવાની રહેશે. આ ઉપરાંત ઉંધીયા ઉજાણીના પાસ તા.૨૦ જાન્યુઆરી સુધીમાં મેળવી લેવા જણાવ્યું છે. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ વિજેતા બનેલ બાળકોને અંતે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં નગરના તમામ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા ખડાયતા સમાજના મંત્રી બી.ડી. શાહે જણાવ્યું છે.




ભારતીય જનતા પાર્ટી યુવા મોરચો ગાંધીનગર મહાનગર દ્વારા પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી બાજપાઈના જન્મદિન નિમિત્તે ઉજવાઈ રહેલા સુશાસન સપ્તાહ અંતર્ગત ગઈકાલે શહેરના ઘ-૪ સર્કલ ખાતે યુવા મોરચાના અધ્યક્ષ પદમસિંહ ચૌહાણની આગેવાનીમાં વિકાસકૂચ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં યુવા મોરચાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વપ્રધાનમંત્રી અટલબિહારી બાજપાઈના જન્મદિન નિમિત્તે ભાજપ દ્વારા ભારતભરમાં ઉજવાયા સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં ગાંધીનગર ખાતે કરવામાં આવી છે. શહેરના ઘ-૪ સર્કલ ખાતે તા.૧ જાન્યુઆરીના રોજ વિકાસકૂચ યોજાઈ હતી. આ પ્રસંગે હાજર યુવા કાર્યકરોઓને સુશાસનની સીડી દર્શાવી સુશાસન અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે ગાંધીનગરના મેયર, ડે. મેયર, ગુડાના ચેરમેન, પ્રદેશ યુવા મોરચાના કોષાધ્યક્ષ, પૂર્વ મેયર, શહેર ભાજપના મહામંત્રીઓ, કોર્પોરેટરો, યુવા મોરચાના હોદેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

# માણસા રવિ કૃષિ મેળામાં ૧૩૧ લાભાર્થીઓને ૩૮.૭૦ લાખની સહાય

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે તાલુકાકક્ષાનો યોજાયેલ રવિકૃષિ મહોત્સવ પ્રસંગે કૃષિ, બાગાયત, પશુપાલન અને અન્ય યોજનાઓ મળી કુલ ૧૩૧ ખેડૂતોને રૂપિયા ૩૮.૭૦ લાખના સહાયના ચેકો આપવામાં આવ્યા હતાં.

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ વેલ્ફેર બોર્ડના અધ્યક્ષ શ્રી ડૉ. અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે, રવિકૃષિ મહોત્સવના આયોજન દ્વારા રાજય સરકારે રવિપાકોના વાવેતર અંગે ખેડૂતોને માર્ગદર્શન મળે તે હેતુંથી કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને પાક વાવણી, પાણી, બિયારણ અને જંતુનાશક દવાના ઉપયોગ અંગે અતિ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવે છે. રવિ કૃષિ મહોત્સવ દ્વારા ખેડૂતોને રવિપાકોનું આધુનિક પધ્ધતિથી વાવણી સહિતનું જ્ઞાન મળતાં રવિપાકોમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવામાં ખેડૂતો સફળ થશે. આગામી વર્ષોમાં રવિપાકના ઉત્પાદનમાં પણ વધારો થશે.

માણસા તાલુકામાં ૪૭૪ ખેડૂતોએ ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ અપનાવી છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના ખેડૂતો ભૂગર્ભજળની પરિસ્થિતિ જોતાં સક્ષમ પિયત પધ્ધતિ અપનાવે જે જરૂરી છે.

આ પ્રસંગે ધારાસભ્યો સર્વશ્રી શંભુજી ઠાકોર, શ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા કલેકટર રવિશંકર, જિલ્લા વિકાસ અધિકાર શ્રી કૌશિક ભીમજીયાણી ઉપસથિત રહ્યાં હતાં.




માણસા ખાતે વિશાળ સંખ્યામાં ઉપસથિત ખેડૂતોએ કૃષિ પ્રદર્શનનો લાભ લઈ આધુનિક ખેત ઓજારો, બિયારણ, જંતુનાશક દવાઓ, બાગાયત પાકો, અને પશુપાલન વિષે જાણકારીના વિવિધ સ્ટોલની મુલાકાત લઈ આધુનિક કૃષિ પધ્ધતિ અંગે તથા કૃષિ વૈજ્ઞાનિક દ્વારા માર્ગદર્શન મેળવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી મહાવીરસિંહ વાઘેલા, નાયબ બાગાયત નિયામક જે. આર. પટેલ, કલોલ પ્રાંત અધિકારી શ્રી સી. એમ. પાડલિયા સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.